આવતીકાલનો ઉજાસ

તેજસ્વીની ઍલ ખૈસાર
ધોરણ-૯, એમ બી પટેલ સાર્વજનિક વિદ્યાલય

ભણતરની સાથે ગણતરને પણ અગ્રીમતા આપનારી તેજસ્વીની નામ પ્રમાણે જ ગુણ ધરાવે છે. ગીત સ્પર્ધા, ડાન્સ સ્પર્ધા વગેરેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા કક્ષાએ નામ ઉજાળ્યું છે. રાષ્ટ્રીય રોલ પ્લે સ્પર્ધા, એઈડ્સ એક લાંછન નાટક અને જિલ્લા કક્ષાએ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. ભવિષ્યમાં ગાયક બનવાની તેજસ્વીનીની મહત્ત્વાકાંક્ષા છે.

કિશન ભરતભાઈ ગજ્જર
ધોરણ-૯, એમ બી પટેલ સાર્વજનિક વિદ્યાલય

કિશન અભ્યાસની સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં પણ અવ્વલ રહે છે. ઍસવીઍસ કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ સ્થાન મેળવી તેણે જિલ્લા કક્ષાએ ભાગ લીધો છે. બાળ ઊર્જા સંરક્ષક દળમાં સક્રિય કામગીરી કરનારો આ વિદ્યાર્થી શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકેનું સન્માન પણ પામ્યો છે. રાષ્ટ્રીય રોલ પ્લે સ્પર્ધામાં જિલ્લા કક્ષો તેણે દ્વિતિય ક્રમાંકનું ઈનામ પ્રાપ્ત કર્યું છે. ભવિષ્યમાં મોટા વૈજ્ઞાનિક બનવાની તેની મહત્ત્વાકાંક્ષા છે.

એલડી એન્જિ.માં આજે પીએચડીની પ્રવેશ પરીક્ષા

પરીક્ષામાં ચાર શાખાના ૫૦૦ ઉમેદવાર

અમદાવાદ, તા.૨૮

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા પીએચડી કરવા માટે આવતીકાલ ૨૯મી એપ્રિલે લેવાનાર પ્રવેશ પરીક્ષામાં એન્જિનીયરીંગ, ફાર્મસી, એમબીએ અને એમસીએના ૫૦૦ ઉમેદવારોએ અરજી કરી છે.

જીટીયુ દ્વારા એન્જિનીયરીંગ, ફાર્મસી, એમબીએ અને એમસીએમાં પીએચડી કરવા માટે વિદ્યાર્થીઓ પાસે અરજી મંગાવવામાં આવી હતી. પીએચડી કરવા ઈચ્છતા ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ અરજી કરી છે. જીટીયુ દ્વારા આવતીકાલ ૨૯મી એપ્રિલે પીએચડીમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા એલ.ડી.એન્જનિયરીંગ ખાતે લેવાશે. વિદ્યાર્થીઓને પરીક્ષા અંગેની વધુ માહિતી જીટીયુની વેબસાઈટ પરથી પ્રાપ્ત થઈ શકશે.

પરીક્ષાનો સમય બપોર ૧ થી ૩ વાગ્યા સુધીનો રહેશે. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં ૧૫ મીનીટ વહેલો પ્રવેશ આપવામાં આવશે. પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરિતીના થાય તે માટે જીટીયુ દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

વણકર સમાજ સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો શરૂ કરશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજના ટ્રસ્ટના પ્રમુખ મધુકર પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી બેંક કલેરીકલ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામલક્ષી નિઃશુલ્ક વર્ગોનું આયોજન વણકર સમાજ દ્વારા કરવામાં આવ્યું છે. સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન તા. ૧લી મે ૨૦૧૨થી સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગનો પ્રારંભ થશે. તાલીમ વર્ગમાં જોડાવાની ઈચ્છા ધરાવનાર વણકર સમાજના ઉમેદવારોએ નિયત સમયે હાજર રહેવું. આ અંગેની વધુ માહિતી મથુરભાઈ લેઉઆને મો.નં. ૯૩૭૭૪૨૧૩૮૮ પર સંપર્ક કરવાથી મળી શકશે.

સર્વેક્ષણ કસોટી બીન અભ્યાસુ શિક્ષકો માટે પ્રશ્નરૂપ બની રહી..!!!

ગાંધીનગર, તા. ૨૮

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક શાળાના સહકારી અને બીન સરકારી શિક્ષકોની સર્વેક્ષણ કસોટી ગત રોજ યોજાઈ હતી. જિલ્લાના ૧૭૦૦ જેટલા અને રાજયના ૫૬ હજાર શિક્ષકોએ બપોરે ૧૨ થી ૪.૩૦ કલાક દરમિયાન પરીક્ષા આપી હતી. બે પેપરો આપીને શિક્ષકોએ જાણે બોર્ડના વિદ્યાર્થીની માનસિક સ્થિતિનો અનુભવ કર્યો હતો.

શિક્ષણને વધુ અસરકારક બનાવવા તેમજ શિક્ષકોમાં રહેલી ખામીઓની ચકાસણી કરવાના શુદ્ધ આશય સાથે ૨૮મી એપ્રિલે શિક્ષણ સજ્જતા સર્વેક્ષણ કસોટી યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ પેપર સામાન્ય ક્ષમતા અને શિક્ષણશાસ્ત્રનું ૧૦૦ ગુણનું હતું. જ્યારે બીજી પેપર જે તે વિષયના વિષય શિક્ષણનું ૧૦૦ ગુણનું હતું. વર્ષોથી પોતાના વિષયને ભણાવતા શિક્ષકોને બીજુ પ્રશ્નપત્ર એકંદરે સહેલુ લાગ્યું હતું. જ્યારે કેટલાક બીન અભ્યાસુ શિક્ષકોને આ પ્રશ્નપત્ર વાસ્તવમાં કસોટીરૂપ બની ગયું હતું. ખાસ તો પ્રથમ પ્રશ્નપત્ર સામાન્ય ક્ષમતા અને શિક્ષણશાસ્ત્રનું હતું. જેમાં પ્રથમ ૧૫ પ્રશ્નો અંગ્રેજી વ્યાકરણના હતા. બીજા ૨૦ પ્રશ્નો તાર્કિક અભિયોગ્યતા અને ગણિતશાસ્ત્રના હતા. જ્યારે સામાન્ય જ્ઞાન ક્ષમતાના ૧૫ પ્રશ્નો અને શિક્ષણશાસ્ત્રના શૈક્ષણિક સિદ્ધાંતોના ૧૫, શિક્ષણના મનોવિજ્ઞાનના ૧૫ અને શિક્ષણના કૌશલ્યો પદ્ધતિ અને ચકાસણીના ૨૦ ગુણના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ પ્રશ્નપત્રમાં અંગ્રેજીનો વિભાગ અંગ્રેજી વિષયના શિક્ષકો માટે સહેલો બની રહ્યો હતો અને ગણિતશાસ્ત્રનો વિભાગ ગણિત વિષયના શિક્ષકો માટે સહેલો બન્યો હતો. જ્યારે અન્ય ભાષાના કે પોતાના વિષય બહારનું ઓછુ જાણનારા શિક્ષકો માટે આ ૩૦ ગુણનો વિભાગ અઘરો બની રહ્યો હતો. શિક્ષણની પદ્ધતિઓ, કૌશલ્યો અને ફિલોસોફીના કેટલાક પ્રશ્નોનો જવાબ ખૂબ જ સરખામણી સૂચક હતા જેથી ઉતાવળમાં શિક્ષક ભૂલ કરી બેસે તેમ હતું.

શિક્ષણ સજ્જતા સર્વેક્ષણ કસોટીનું બીજુ પેપર જે તે વિષયમાં ઝેજ્યુએટ કે પોસ્ટ ઝ્રેજ્યુએટ થયેલા તાલીમ શિક્ષકો માટેનું હતું. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગણિત અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોના પ્રશ્નો વૈકલ્પિક હતા. ભાષામાં ખાસ તો ગુજરાતી, હિન્દીમાં વર્ણનાત્મક પ્રશ્નો ૨૦ ગુણના પૂછાયા હતા. જેમાં ૫ ગુણનું ચિત્ર દર્શન, ૫ ગુણનો પત્ર અને ૧૦ ગુણનો નિબંધ મુક્યો હતો. જ્યારે સામાજિક વિજ્ઞાનમાં ૧૦૦ એ ૧૦૦ ગુણના પ્રશ્નો વૈકલ્પિક હતા. દરેક પ્રશ્ન અભ્યાસુ શિક્ષકો માટે ખૂબ જ સરળ અને સુલભ હતો. પરંતુ કેટલાક પ્રશ્નો અભ્યાસુને પણ માથુ ખંજવાળી દે એવા હતા. જે શિક્ષકો પોતાના વિષય સાથે ઓછુ સંકળાયા છે તેવા શિક્ષકોને વિષયવસ્તુના પ્રશ્નો અઘરા લાગ્યા હતા. કારણ કે ઘણીવાર એવું બને છે કે શાળામાં પોતે જે વિષયનો તાલીમી શિક્ષક હોય તે સિવાયનો વિષય તે ભણાવતો હોય ત્યારે ધો. ૯ અને ધોરણ-૧૦નું બંને વર્ષનું વિષય વસ્તુ તે ન જાણતો હોય. આવા શિક્ષકો માટે કેટલાક પ્રશ્નો અઘરા રહ્યા હતા.

એનએસયુઆઈના કાર્યકરોએ સીટી કોલેજ પાસે શિક્ષિત બેરોજગારોના સમર્થનમાં બુટપોલિશ કરીને દેખાવો કર્યા હતા.

આજે એઆઈઈઈઈની ઓફલાઈન પરીક્ષા

દેશમાં ૧૦ લાખ વિદ્યાર્થી બેસશે : ઓનલાઈન પરીક્ષા ૭ થી ૨૬ મે : બે પરીક્ષામાં રાજ્યના ૪૦ હજાર વિદ્યાર્થીઓ

અમદાવાદ, તા.૨૮

એન્જિનીયરીંગ સહિત મહત્વના ટેકનીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે આવતીકાલ ૨૯મી એપ્રિલના રોજ લેવાનાર એઆઈઈઈઈની ઓફલાઈન પરીક્ષામાં સમગ્ર દેશમાં ૧૦ લાખ વિદ્યાર્થીઓ બેસશે. રાજયની મોટાભાગની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ આ એઆઈઈઈઈના આધારે બેઠકો ભરે છે. જ્યારે અન્ય યુનિવર્સિટીઓમાં કેટલીક બેઠકો અનામત રાખવામાં આવે છે.

પ્રપ્ત વિગતો અનુસાર આવતીકાલ લેવાનાર એઆઈઈઈઈની ઓફલાઈન પરીક્ષામાં સમગ્ર ભારતમાં ૧૦ લાખ વિદ્યાર્થીઓ બેસશે ઓફલાઈન અને ઓનલાઈન થઈ ગુજરાતમાં ૪૦ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આવતીકાલ લેવાનાર ઓફલાઈન પરીક્ષામાં ૧૭૩૫ પરીક્ષા કેન્દ્રો છે ગુજરાતમાં સુરત અને બરોડા મળી બે સેન્ટર છે. ગતવર્ષે ઓફલાઈન પરીક્ષામાં અમદાવાદને સેન્ટર આપવામાં આવ્યું હતું. જ્યારે આ વર્ષે એક પણ સેન્ટર આપવામાં આવ્યું નથી. પરીક્ષાના સમય સવાર ૯.૩૦ થી ૧૨.૩૦ વાગ્યા અને બપોરે ૨ થી ૫ વાગ્યા સુધી રહેશે.

એઆઈઈઈઈની ઓનલાઈ પરીક્ષા ૭મી મેથી ૨૬મી મે દરમિયાન ૧.૨૬ લાખ વિદ્યાર્થીઓ ૨૨૧ સેન્ટર ઉપરથી પરીક્ષા આવશે ઓનલાઈન પરીક્ષા માટે અમદાવાદને સેન્ટર આપવામાં આવ્યું છે. આ પરીક્ષાના આધારે રાજયની મોટાભાગની પ્રતિક્રિયા નિરમા, પીડીપી અને ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટીઓ એન્જિનીયરીંગ સહિત ટેકનીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપતી હોય છે. જ્યારે અન્ય યુનિવર્સિટીઓમાં કેટલીક બેઠકો અનામત રાખવામાં આવે છે.

FYBAના પ્રશ્નપત્રમાં એચ.કે. કોલેજમાંથી ડમી વિદ્યાર્થી પકડાયો

અમદાવાદ, તા.૨૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાઈ રહેલી એફવાય બીએની કમ્પ્લસરી ઈંગ્લીશના પેપરમાં એચકે કોલેજમાંથી ડમી વિદ્યાર્થી ઝડપાઈ જતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામી છે. પ્રાપ્ત વગતો અનુસાર ગુજરાત યુનિવર્સિટી દ્વારાહાલ પ્રથમ તબક્કાની પરીક્ષા ચાલી રહી છે. આજે એફવાયબીએનું કમ્પ્લસરી ઈંગ્લીશનું પેપર બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયાન હતું.

પરીક્ષા દરમિયાન ગુજ. યુનિ. સંલગ્ન એચકે આર્ટ્સ કોલેજમાં ૪૨ નંબરની રૂમમાં પરીક્ષા આપી રહેલા એક વિદ્યાર્થી પાસે સુપર વાઈઝરે શંકા જતા રિસિપ્ટ માંગી હતી. જવાબમાં વિદ્યાર્થીએ રિસિપ્ટ ન હોવાનું જણાવતા સુપરવાઈઝરે ફોટોઆઈડી પ્રુફ માંગ્યું હતું.

વિદ્યાર્થીએ પોતાની પાસે રહેલું ડ્રાઈવીંગ લાઈસન્સ બતાવ્યું હતું તેના ડ્રાઈવીંગ લાઈસન્સના ફોટાને સુપરવાઈઝરે પોતાની પાસે રહેલી યાદીમાં સમાવિષ્ટ ફોટા સાથે સરખાવતાબાજ્ને ફોટા અલગ જણાયા હતા.

દરમિયાન સુપરવાઈઝરે શાળાના આચાર્યને જાણ કરી હતી. આચાર્યએ યુનિવર્સિટી સત્તાવાળાઓને જાણ કરી હતી. જાણ થતા સત્તાવાળાઓ આવી પહોંચ્યા હતા. પૂછપરછ દરમિયાન ડમી વિદ્યાર્થી દેસાઈ સુખદેવ માલજીભાઈ (રહે. ઉમીયાનગર, ઓઢવ)એ જણાવ્યું હતું કે પોતે દેસાઈ રાજેશ રમેશભાઈ (રહે. કૈલાસનગર, ઓઢવ)ના બદલે પરીક્ષા આપતો હતો.

સત્તાવાળાઓએ તેના નિવેદનના આધારે ફરિયાદ નોંધી નવરંગપુરા પોલીસ સમક્ષ પણ ફરિયાદ નોંધાવી હતી. બીજીબાજુ આ સમાચાર વિદ્યાર્થીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

બાળકો માટે નિઃશુલ્ક ડ્રોઈંગ કલાસ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

બાપા સીતારામ ફાઉન્ડેશન દ્વારા નગરના બાળકો, ભાઈઓ અને બહેનો માટે નિઃશુલ્ક પેઈન્ટીંગ તથા ડ્રોઈંગના કલાસનું આયોજન કરવામાં આવશે. જેનો સૌ રસિકજનો લાભ લઈ શકશે.

ઉનાળાના વેકેશનમાં બાળકો, યુવાનો, ભાઈઓ, બહેનો પોતાના રસ પ્રમાણે વિવિધ કૌશલ્યની ખિલવણી કરી શકે તે માટે ગાંધીનગરની નાની મોટી સંસ્થાઓ વિવિધ તાલીમવર્ગોનું આયોજન કરે છે. આવી જ એક તાલીમનું આયોજન બાપા સીતારામ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. ચિત્રમાં રસ ધરાવતા અને આ ક્ષેત્રમાં આગળ વધવા માંગતા બાળકો, ભાઈઓ, બહેનો તાલીમમાં જોડાઈ શકશે. આ અંગે વધુ માર્ગદર્શન મેળવવા માંગતા વિદ્યાર્થીએ મો.નં. ૯૦૩૩૨૩૨૧૬૩ ઉપર સંપર્ક કરવો એમ આયોજકો દ્વારા જણાવાયું છે.

જુદા જુદા શોખ કેમ આગળ વધારવા તે ઘણાને ખબર નથી

આજના યુગમાં કોઈને પણ કોઈ વિષયનો શોખ ન હોય એવું બને જ નહીં! કારણ કે શોખ વિનાનું જીવન નકામું છે. (બીજા કાર્યો અલગ છે કે જે આપણે ભરણ-પોષણ કરવા માટે કાર્યો કરવા પડે છે.) તેમાં શોખ અનેક પ્રકારના હોય છે.. જેવા કે કોઈને કાગળ લખવાનો, ટિકિટ, સિક્કા ફસ્ટડે, કવર, ફોટા વિગેરે ભેગા કરવાનો, નાચવાનો, ગાવાનો, ગાયનો સાંભળવાનો વિગેરે શોખ હોય છે. પણ જુદા જુદા શોખ કેમ આગળ વધારવા કે શોખને શોખમાંથી કેમ જાણવું તે ઘણાઓને ખબર નથી. જેમ કે એક મિત્ર ટિકિટ ફસ્ટડે કરવો ભેગા કરતો હોય કેમ રાખવા તે જાણતો ન હોય ઘણા ભેગા કરવા ખાતર એક કવરમાં કે બોક્સમાં ભેગુ કર્યા કરે, ફાટે-તુટે તેની જરાએ દરકાર લેતા નથી.

ખાસ કરીને મોટાભાગના મિત્રો ટિકિટો અને ફસ્ટડે કવરો કે બીજી વસ્તુઓ ભેગી કરતાં હશે. ટિકિટ ભેગી કરવામાં પણ વિભાગ હોય છે. કોઈને સાચી ટિકિટો ભેગી કરવાનો શોખ હોય છે. પણ એ આપણા જેવા મિત્રોનું કામ નહીં. કારણ કે તે શોખ વધારે પૈસાનો વ્યય કરાવે છે. પરંતુ મોટાભાગના ગુજરાતી મિત્રો ખોટી (કન્સેલેશન) છાપ મારેલી કે સાચી જેમ સારી લાગે તેમ એકઠી કરતા હોય છે. એમ નહીં કે સાચી જ જોઈએ. તેમ તેને કેવી રીતે સાચવવી, કેમ એકઠી કરવી વિગતે ખાસ કંઈ જાણતા હોતા નથી. ઘણા મિત્રો બસ્સોથી ત્રણસો જેટલી ટિકિટો ભેગી કરે છે અને વળી શોખ બંધ રાખે, વળી મરજી પડે ત્યારે એકઠી કરે અથવા તો એક નોટબુકમાં ભેગી કરતા જાય. ઘણા તો જુની નોટ ઉપર કે બીજી નોટ ઉપર જેવી રીતે કવર ઉપર ચોટાડીએ છીએ તેવી રીતે ચોટાડી દેતા હોય છે. જેથી ભવિષ્યમાં ઉખેડવી મુશ્કેલ પડે. વળી તે પણ વ્યવસ્થિત વિભાગવાર મુકતા નથી. પણ ટિકિટો વ્યવસ્થિત રીતે કેમ ભેગી કરવી તે માટે નીચે જણાવેલ થોડા ઉપાયો સુચવું છું. આ રીતે ટિકિટો એકઠી કરવાથી કામ સરળ અને સુંદર બનશે. તેમજ આ ટિકિટોનું આલબમ જોનાર વ્યક્તિ પર સારી છાપ પડશે.

આપણે સારી જાતના મોંઘાં આલબમ લઈ શકીએ નહીં. તો આપણે એક પાકા પૂઠાની નાની સ્પ્રીંગવાળી નાની કે મોટી ફાઈલ લેવી. ફ્રેમ સાઈઝ ૨૨X૨૯ સે.મી.X૧૬ તેમાં જાડા સાધારણ પોસ્ટકાર્ડ જેવા જાડા કાગળો ૫૦ થી ૧૦૦ સમાઈ શકે તેમ વધે તેમ ઉમેરતા જવાય. જ્યારે તૈયાર આલબમમાં પાના ન ઉમેરી શકાય અને ઉમેરવા પ્રયત્ન કરીએ તો બગડી જાય. તે ફાઈલના પહેલે પાને સારા અક્ષરોએ શરૂ તારીખ, નામ વિગેરે લખવું જોઈએ. ત્યારબાદ પાછળના પાને અનુક્રમમણિકા કે જેમાં દેશોના નામ લખવા પણ તે ખાસ ધ્યાન રાખવું કે દરેક પાનના પેઈઝ નંબર જ ન આપવા. પણ જે પાનમાં તમે જે દેશની ટિકિટ રાખો તે દેશનું નામ અને નંબર જ માત્ર લખવા. ધારો કે તમે આપણા દેશની ટિકિટ ચોંડવા સારૂ પેઈજ રાખ્યા હોય ત્યારે બે પેઈજ પર નાની, બે પેઈજ પર મોટી, નવી તેમજ જુની જુદી જુદી રાખવામાં આવે તો જાણવાનું ઘણું જ સરળ બને. હવે આપણએ ટિકિટની સ્થિતિ જોઈએ. આવા સ્વચ્છ અને સુંદર આલ્બમમાં તેવી જ સુંદર ટિકિટ જોઈએ એટલે કે ફાટેલી, ખૂણા વળેલી, સાવ મેલી, સાવ કાળી (વધારે છાપ લાગેલી), ઘસાઈ ગયેલી ટિકિટો આલ્બમ માટે સારી ન ગણાય. ટિકિટ કવર ઉપરથી કે બીજા કાગળો ઉપરથી ઉખેડવામાં કાળજી રાખવી જોઈએ.

જ્યારે ટિકિટ મળે ત્યારે તેને ઉખેડવાને બદલે તેમને તેમ રાખી મુકવી અને જ્યારે ફુરસદ મળે ત્યારે તેને સ્વચ્છ પાણીમાં પલાળી અને એક મોટા સાહી ચુસણા (બ્લોટીંગ પેપર) કાગળમાં મૂકવી અને તેની ઉપર હળવા હાથે બીજા નાના બ્લોટીંગ પેપર વડે દબાવવી. જેથી ઉપર નીચેનું પાણી ચુસાઈ જાય. વળી તે ખ્યાલ રાખવો જોઈએ કે, કાગળ શાહી કે કાચા રંગવાળો કે ખરાબ ન હોવો જોઈએ. નહીંતર ટિકિટ બગડી જવા સંભવ છે. ત્યારબાદ ટિકિટ થોડીવાર સૂકી હવામાં રહેવા દેવી. બાદમાં નાના ચીપીયા વડે ભેગી કરવી. એક સાથે ચોંટાડવામાં કંટાળો આવે તેથી નવરાશે થોડી થોડી ચોંચાડવી. એક જ જાતની ડબલ ટિકિટો જુદા કવરમાં એકઠી કરવી. જેથી આપણા મિત્રો કે પત્રમિત્રો સાથે બદલાવી શકીએ.

એક દેશની ટિકિટો સામાન્ય રીતે સાથે રાખી શકીએ તો સારૂ પણ એ તો આપણા મિત્રો કે કલેકશન પર આધારિત છે. દરેક પાને એક બાજુ અમુક માપના ખુણા પર વ્યવસ્થિત રીતે ટિકિટ ચોંચાડવી. એક બાજુના પાના પર મોટી અને સેટવાર દા.ત. યુગાન્ડા-કેન્યાની બધા પક્ષીઓની દશ-બાર ટિકિટો બહાર પડી છે તેને સેટ કહેવાય. ૫-૧૦-૧૫ સેટ વિગેરે. તે એકી સાથે ચોટેડ હોય તો સરસ લાગે વળી ડબલ શોધવી સરળ બને. ઉપર પ્રમાણે ટિકિટ વ્યવસ્થિત ગોઠવવાથી સુંદર ટિકિટ સંગ્રહ થશે. આવો સંગ્રહ જોવા તથા બીજાને બતાવવાનું ઘણું સુગમ પડશે.

નાના શહેરમાં રહેતા શોખીનોએ મોટા શહેરમાં મિત્રો બનાવવા જોઈએ. તેવી રીતે શક્તિનુસાર પરદેશમાં જુદા જુદા દેશોમાં મિત્રો રાખવા જોઈએ. જેથી સંગ્રહ વિકસી શકે. ટિકિટ ચોંટાડવા માટે ખુબ કાળજી રાખવી જોઈએ. આ માટે ખાસ બનાવેલી ગુંદરની નાની કટકીઓ ઓછા કાગળમાં ૧૦૦, ૫૦૦ કે ૧૦૦૦ના પેકેટમાં આવે છે. જે ઉપયોગથી ટિકિટ ઉખેડવી સહેલી પડે.

ટિકિટનો સંગ્રહ કરવો એ એક ઉપયોગી શોખ છે. આવી દેશ-વિદેશની કલા અને ટિકિટ પદ્ધતિથી વાકેફ થવાય છે. પણ આ રીતે સંગ્રહ સુવ્યવસ્થિત અને સુંદર બનાવવા માટે ઉપર દર્શાવેલી તમામ કાળજી રાખવાની ખાસ જરૂર છે.

- કાંતિલાલ એમ. શર્મા

અદ્યતન વિજ્ઞાનનું નવું સંશોધન - મધ અને તજ

મધ અને તજનાં મિશ્રણથી અનેક રોગો મટે છે

જગતના લગભગ તમામ દેશોમાં મધનું ઉત્પાદન થાય છે. આયુર્વેદિક તથા યુનાનિ દવાઓમાં સદીઓથી મધનું એક દવા તરીકે વિશેષ મહત્વ સ્વીકારવામાં આવ્યું છે. હાલના વૈજ્ઞાનિકોએ પણ મધને અનેક બિમારીઓને નસાડતી એક રામબાણ મેડીસીન તરીકે કબુલ કરી છે. અદ્યતન વિજ્ઞાનનાં તાજેતરમાં સંશોધનથી જાણવા મળ્યું છે કે શુદ્ધ મધ સાથે ગરમ મસાલામાં ઉપયોગમાં લેવાતા તજ (સીનમોન)ના પાવડર સાથેનું મિશ્રણ નિયમિત લેવામાં આવે તો અનેક રોગોને મટાડે છે.

ઉપરાંત, મધ એક એવું ઔષધ છે કે તેનો ગમે તેવી બિમારીમાં બેધડકપણે ઉપયોગ કરી શકાય છે. મર્યાદામાં દવા તરીકે લેવાયેલું મધ મીઠાશવાળું હોવા છતાં મીઠી પેશાબ (ડાબાબીટીસ)ના દર્દીઓને પણ નુકશાન કરતું નથી, તેમ આજનું સંશોધન કહે છે.

કેનેડાથી પ્રસિદ્ધ થતા અઠવાડીક વીકલી વર્લ્ડ ન્યુઝના તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૫ના અંકમાં પશ્ચિમના વૈજ્ઞાનિકો કરેલ મધ સાથે તજનો ભૂકો ભેગા કરીને લેવાથી કેવા કેવા રોગો મટે છે તે વિસ્તૃત માહિતી આપી છે. અંગ્રેજીમાં છપાયેલી આ માહિતીનો ભાવાનુવાદ 'અમેરીકન ગુજરાત'ના વાચકો માટે અહી રજૂ કર્યો છે.

● **ARTHRITIS** (આર્થાઈસ્ટ્રીસ)

એક ભાગ મધ અને બે ભાગ નવશેકા પાણીનું મિશ્રણ બનાવી તેમાં એક નાની ચમચી તજનો ભૂકો નાખી શરીરના દુખતા ભાગ ઉપર ધીમે ધીમે તેની માલીશ કરવાથી એકાદ મિનિટમાં જ દુખાવો બંધ થાય છે અને દર્દીને તાત્કાલિક રાહત મળે છે. અથવા આર્થાઈસ્ટ્રીસના દર્દીઓ દરરોજ સવારે અને સાંજે એક કપ ગરમ પાણીમાં મધના બે ચમચા અને એક નાની ચમચી તજના પાવડરને ભેળવી નિયમિત પીવે તો ગમે તેવા સાંધાના દુઃખાવામાં રાહત મળે છે.

કાંપનહેરાન ખાતેની યુનિવર્સિટીમાં તાજેતરમાં કરવામાં આવેલ એક પ્રયોગ મુજબ ત્યાંના ડૉક્ટરે દરરોજ સવારે નાસ્તાની પહેલાં અંદાજે ૨૦૦ આર્થાઈસ્ટ્રીસનાં દર્દીઓને એક ચમચો મધ અને અડધાં ચમચો તજનો પાવડરને ભેગા કરી સીરપ બનાવી પીવડાવવાનું શરૂ કર્યું હતું. અઠવાડિયામાં લગભગ ૭૩ દર્દીઓ કે જેઓ સાંધાના દુઃખાવાને કારણે હાલીચાલી શકતા ન હતા તેઓ વગર દુઃખાવે હાલતા ચાલતા થઈ ગયા હતા.

● **HAIR LOSS** (માથાના વાળ ખરવા) :-

જેઓના માથાના વાળ ખરતા હોય યા ટાલ પડી ગઈ હોય તેવા લોકો ગરમ કરેલ ઓલીવના તેલમાં એક ચમચી મધ અને એક ચમચી તજનો પાવડર મેળવી નહાતાં પહેલાં માથામાં બરાબર ચોળી પછી અંદાજે પાંચેક મિનિટ પછી જો નાહવાનું રાખે તો તેના વાળ ખરતાં બંધ થશે.

● **BLADDER INEECTION** (બ્લેડરના સોજા અને ચેપ માટે) :-

એક ગ્લાસ નવશેકા પાણીમાં બે ચમચા તજનો પાવડર તથા એક ચમચી મધ મેળવી પીવાથી બ્લેડર (મુત્રાશય)ના ચેપી જંતુઓનો નાસ થશે. કદાચ ચેપ હઠીલો હોય તો પાણીને બદલે સેનબરી જ્યુસ સાથે લેવાથી ગમે તેવો હઠીલો ચેપ દૂર થશે અને દુઃખાવામાં હંમેશની રાહત મળશે.

● **TOOTHACHE** (દાંતનો દુઃખાવો)

એક ભાગ તજના ભૂકામાં પાંચ ભાગ મધ ઉમેરીને દુઃખતા એવા કોઈપણ દાંત ઉપર ઘસવાથી કે ચોપડવામાં આવે તો દાંતના દુઃખાવામાં રાહત મળે છે. જ્યાં સુધી દુઃખાવો ઓછો ન થાયત્યાં સુધી આ પ્રયોગ દરરોજ દિવસમાં ત્રણ વખત કરવો.

અમેરિકામાં તથા કેનેડામાં અનેક નર્સિંગ હોમમાં દર્દીઓ પર કરવામાં આવેલાં સફળ પ્રયોગ બાદ એક વધુ તારણ પ્રાપ્ત થયું છે કે જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ લોહીવાહીનીઓ સખત અને બરછટ બનતી જાય છે. તેમજ ફ્લેક્સીબીલીટી (સ્થિતિસ્થાપકતા) ઘટતી જાય છે. મધ અને તજના પાવડરનું નિયમિત સેવન કરનારને લોહીની રગો બરછટ તથા લક્ત બનતી અટકે છે તેમજ ઉંમરના હિસાબે તેની સ્થિતિસ્થાપકતામાં જે સત્રાઈ આવે છે તેમાં ધીમે ધીમે લચક આવે છે.

● **MIMUNE SYSTEM** (ચેપી જીવાણીઓ (બેક્ટેરીયા)થી શરીરનું રક્ષણ) :-

નિષ્ણાત ડોક્ટર તથા સંશોધકનું મંતવ્ય છે કે મધ તથા તજના પાવડરનું નિયમિત સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારકશક્તિમાં ત્રણ ગણો વધારો થાય છે અને બેક્ટેરીયા કે રોગો વાયરસનાં હુમલાઓથી શરીરનું રક્ષણ કરે છે.

સંશોધકોનું તારણ છે કે મધમાં વિપુલ પ્રમાણમાં વિવિધ પોષક તત્વો (વિટામીનો) તથા ખનીજો સમાયેલા છે પરિણામે તેનું સેવન કરનારા લોહીમાં રોગનો પ્રતિકાર કરતા જે સફેદ કણો (વ્હાઈટ્સર્સલ) હોય છે તેને બળ મળે છે. અને શરીરમાં બેક્ટેરીયા તથા વાઈરસને મારી હટાવી તેનો નાશ કરે છે.

● **INDIGESTION** (અપચો) :-

બે ચમચા ભરેલા મધ ઉપર તજનો થોડો ભૂકો છાંટી જમણ પહેલાં ખાઈ જવાથી એસીડીટીને કારણે હૃદય કે છાતીની બળતરા દૂર થાય છે. ઉપરાંત ગમે તેટલો ભારે ખોરાક પચાવી નાખે છે.

● **RINELUENZA** (ઈન્ફ્લુએન્ઝા) :-

સ્પેઈન દેશના એક સંશોધનકાર આખ્યાસીઓએ સાબિત કર્યું છે કે મધમાં એક પ્રકારનું કુદરતી તત્વ છે જે ઈન્ફ્લુએન્ઝાનાં જીવાણુઓને મારી હટાવે છે. અને ગમે તે ઉંમરની વ્યક્તિઓને ફ્લ્યુની બિમારીથી બચાવે છે.

● **LONGEVITY** (દિર્ઘાયુષ્ય) :-

મધ તથા તજના ભૂકાની બનાવેલી ચા પીનારા કદી વૃદ્ધ થતા નથી તેમ ચીન, જાપાન તથા મધ્યપૂર્વના હકીમોનો દાવો છે. ચાર ચમચા જેટલું મધ અને એક ચમચો તજના ભૂકાને ત્રણ કપ જેટલા પાણીમાં ઉકાળીને ચા બનાવવી અને દિવસનાં ત્રણ થી ચાર વખત પા પા કપ દરરોજ પીવાથી શરીરની ચામડીના કોષો યુવાન રહે છે. ઉંમર વધવા છતાં ચામડી ઢીલી પડી જઈને લબડતી નથી અને ઉતાવળે વૃદ્ધાવસ્થા આવતી નથી. આયુષ્યમાં વધારો થાય છે. અને સો વર્ષની ઉંમર ધરાવતી વ્યક્તિ પણ પોતાની યુવાનીમાં કરી શકતી હતી તેવું કામ કરી શકે છે.

● **PIMPLES** (મોં ઉપરના ખીલ) :-

ત્રણ ચમચા ભરેલા મધને એક ચમચા જેટલા તજના ભૂકામાં મેળવી પેસ્ટ બનાવવાનું અને રોજ સૂતી વખતે ચહેરા પર જ્યાં ખીલ થયાં હોય ત્યાં બરાબર મસળી સૂઈ જવું અને બીજી સવારે વહેલાં ઉઠી ચણાનાં લોટથી કે સાદા ગરમ પાણીથી ચહેરાને ધોઈ નાખવો આવી રીતે સતત બે અઠવાડીયા સુધી કરવાથી ગમે તેવા હઠીલા ખીલનો જડમૂળથી નાશ કરે છે.

● **SKIN INFECTION** (ચામડીના વિકાર ઉપર) :-

ખસ ખુજલ